દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં.૦૪, તા.૧૫.૦૯.૨૦૨૪

# ગિફ્ટ સિટી સર્ક્યુલર રૂટનો લાભ 5 ગ્રામ્ય વિસ્તાર સહિત 23 હજાર નાગરિકોને મળશે

## ગિફ્ટ સિટીના આંતરિક વિસ્તારોને આવરી લેવા સર્ક્યુલર રૂટનો પ્લાન તૈયાર કરાયો

હિતેષ જયસ્વાલ | ગાંધીનગર



વિશ્વકક્ષાએ ગાંધીનગરની ઓળખ અપાવનાર ગીફ્ટસીટી અંદર પણ દસ કિ.મી. લાંબી મેટ્રો રેલ લાઈન નાંખીને મલ્ટીનેશન કંપનીના કર્મચારીઓ, રહેણાંક વિસ્તારના પરિવારો તેમજ આપસાસના પાંચ ગામના ગ્રામજનો સહિત અંદાજે 23000 લોકોને લાભ મળશે. જોકે ગીફ્ટ સીટીમાં મેટ્રો રેલ લાઈન નાંખવાથી છ સ્ટેશન બનાવવાની પાછળ અંદાજે 2000 કરોડનો ખર્ચ કરવામાં આવશે. જોકે દિલ્હીમાંથી મેટ્રો રેલ લાઈન ગીફ્ટસીટીમાં નાંખવાની લીલી ઝંડી મળી જાય પછી કામગીરી શરૂ કરાશે.

રાજ્યના પાટનગર ગાંધીનગરની ઓળખ વિશ્વકક્ષાએ થઈ રહી છે. કેમ કે ગાંધીનગરના મહાત્મા મંદિર અને ગીફ્ટસીટી ખાતે યોજનાર આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો જવાબદાર છે. જોકે ગાંધીનગરની ઓળખમાં ગીફ્ટ સીટીનો સિંહફાળો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગીફ્ટ સીટીમાં વિવિધ સુવિધાઓ ઉભી કરવાની કામગીરી તબક્કાવાર કરવામાં આવી રહી છે. જેમ કે અગાઉ ગીફ્ટ સીટી વિસ્તારને આસપાસના પાંચેક ગામ સુધી વિસ્તારવામાં આવ્યો છે. તેની સાથે સાથે ગીફ્ટસીટી સાબરમતી નદી કિનારે હોવાથી સાબરમતી નદીમાં રિવરફ્રન્ટ શાહપુર બ્રીજથી પીડીપીયું બ્રીજ સુધીના નદીના પટમાં બનાવવામાં આવશે. ત્યારે હવે ગીફ્ટ સીટીમાં મલ્ટીનેશનલ કંપનીઓની સાથે સાથે રહેણાંકની સ્કિમો બની રહી છે. આથી કોમર્શિયલ, રહેણાંકનો સમન્વય થવાથી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે તે માટે ગીફ્ટસીટીની ફરતે દસેક કિમી લાંબી મેટ્રો રેલ લાઈન નાંખવાનો નિર્ધાર રાજ્ય સરકારે કર્યો છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગીફ્ટ સીટી વિસ્તારનો અભ્યાસ કરીને દસ કિમી વિસ્તાર અને છ સ્ટેશનવાળી મેટ્રો રેલ લાઈન નાંખવાની પ્લાન તૈયાર કરીને તેની મંજુરી માટે દિલ્હીમાં દરખાસ્ત કરવામાં આવી છે. દિલ્હીમાંથી મેટ્રો રેલ લાઈનને લીલી ઝંડી મળી જાય પછી જ કામગીરી શરૂ કરાશે. ગીફ્ટસીટીમાં અંદાજે 2000 કરોડના ખર્ચે ઉભી થનાર મેટ્રો રેલ સેવાનો લાભ મલ્ટીનેશનલ કંપનીના કર્મચારીઓ, રહેણાંક વિસ્તારના પરિવારો તેમજ આસપાસના પાંચ ગામના ગ્રામજનો સહિત અંદાજે 23000 લોકોને મેટ્રો રેલ સેવાનો લાભ મળી રહેશે તેમ મેટ્રો રેલના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે.

ગીફ્ટીસીટીની આસપાસના વિસ્તારમાં પાંચ ગામો આવેલા હોવાથી તેની અંદાજે 20 હજાર વસ્તીને મેટ્રો રેલનો લાભ મળશે. તેમાં શાહપુરની અંદાજે 5000 વસ્તી, લવારપુરની અંદાજે 4000 વસ્તી, વલાદની અંદાજે 8000 વસ્તી, રતનપુરની અંદાજે 1700 અને પીરોજપુરની અંદાજે 1500ની વસ્તી છે. આથી આ તમામ લોકોને પણ મેટ્રો રેલ સેવાનો લાભ મળશે.

ગીફ્ટસીટી વિસ્તારમાં ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા રહેણાંકની સ્કીમ ઉભી કરવામાં આવી રહી છે. ઉપરાંત ગીફ્ટસીટી વિસ્તારમાં ગુડામાં આવતો હોવાથી ગુડા દ્વારા પણ રહેણાંક યોજનાનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી છે. આથી આગામી સમયમાં ગીફ્ટીસીટ વિસ્તારમાં અંદાજે 2000 જેટલા પરિવારોને પણ મેટ્રો રેલ સેવાનો લાભ મળી રહેશે.